**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૫.૨ ડીગ્રી
લઘુતમ : ૨૩.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૦ ટકા ● સાંજે ૭૩ ટકા

# શહેરમાં ૭૫ લાખના ફાફડા-જલેબી વેચાયા





ગાંધીનગર, તા.૮
દશેરા નિમિત્તેની રજા સાથેની મજા શહેરીજનોએ ફાફડા જલેબી ખાઈને માણી હતી. શહેરના વિવિધ વિસ્તારો ઘ-૨ કોર્નર, સે-૬, સે-૬, સે-૭, સે-૨૧, સે-૨૨, સે-૨૪, ૨૮ અને ૨૯માં દશેરા નિમિત્તે ફાફડા જલેબી સ્ટોલ ઉભા કરવામાં આવ્યા હતા આ ઉપરાંત ફરસાણની દુકાનની બહાર પણ મંડપ બાંધીને ફાફડા જલેબી વેચાઈ રહ્યા હતા. શહેરના વિવિધ ફાફડા જલેબી વેચાણ કેન્દ્રોમાં લગભગ ૭૫ લાખ રૂપિયાના ફાફડા જલેબીનું વેચાણ થયું હતું. આ સાથે દરેક વેચાણ કેન્દ્રોમાં સવારથી જ શહરીજનોની લાંબી લાઈન જોવા મળી હતી.

નવરાત્રીના નવ દિવસ ખેલૈયાઓ માતાજીની પૂજા અર્ચના કરી ગરબે ઘૂમ્યા છે. શ્રી રામના વિજયની ઉજવણી દશેરાના દિવસે રાવણ દહન કરવાની સાથે ફાફડા જલેબી ખાઈને પણ કરે છે. શહેરમાં વિવિધ જગ્યાએ ફાફડા જલેબી વેચાણ કેન્દ્રોમાં નોમના દિવસ રાતથી જ વેચાણ શરૂ થયું હતું. આ વર્ષે શહેરમાં લગભગ ૭૫ લાખ રૂપિયાના ફાફડા જલેબી શહેરીજનો દ્વારા આરોગાયા હતા. વિવિધ કેન્દ્રોના લાઈવ ફાફડા લેવા માટે વધુ લાઈન થઈ રહી હતી. અમુક વેચાણ કેન્દ્રોમાં ૨૫૦ ગ્રામથી ૫૦૦ ગ્રામના બોકસ તૈયાર કરવામાં આવ્યા હતા જેથી જલ્દીમાં ખરીદનારને લાઈનમાં ઉભું ન રહેવું પડે.

## ફાફડા સાથે કઢી, મરચાં અને સંભારની વધુ ડિમાન્ડ



ફાફડાના વેચાણ સાથે સાથે ખવાતા કઢી, મરચાં, પપૈયાના સંભારની પણ એટલી જ ડિમાન્ડ શહેરીજનોએ કરી હતી તેમ શહેરના ફાફડા જલેબીનું વેચાણ કરતા વેપારીએ જણાવ્યુંહતું. વેચાણ કેન્દ્રોમાં ફાફડા સાથે વધુ કઢી આપજો... મરચાં એક બે વધુ મુકી દોને... જો જો કઢી મૂકવાનું ભૂલતા નહીં જેવી વાત કાને પડી હતી.



નવરાત્રીના અંતિમ દિવસો ભારે ધમધમાટવાળા હોય છે. આ દરમિયાન ગરબાની ધૂમ સાથે વિવિધ સર્જનાત્મક કાર્યક્રમોના આયોજન પણ શેરી ગરબાઓમાં જોવા મળે છે. શહેરના સરગાસણ ચાર રસ્તા વિસ્તારની સત્યમેવ ફેમોસા સોસાયટીમાં નવમા નોરતે બાળકોની વેશભૂષાનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં સોસાયટીના ભૂલકાંઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ વિવિધ પાત્રોની વેશભૂષા ધારણ કરી માહોલ રંગીન બનાવ્યો હતો.



ગાંધીનગરના અશ્વપ્રેમીઓ દ્વારા દર વર્ષે દશેરાના દિવસે અશ્વપૂજન અને અશ્વરમતોનું આયોજન કરવામાં આવે છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ આ કાર્યક્રમમાં શહેર આસપાસના જિલ્લાઓમાંથી લગભગ ૧૫૦ અશ્વો દ્વારા ભાગ લેવામાં આવ્યો છે તેમ શહેરના અશ્વપ્રેમી જીગ્નેશ જોષી દ્વારા જણાવાયું છે.



નવરાત્રિ દરમિયાન વિવિધ મંડળો તથા સમાજના લોકો પણ ગરબાનું આયોજન કરે છે ત્યારે ઉમિયા માતાજીના મંદિર, સેકટર-૧૨ ખાતે પણ ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સમાજના ભાઈ બહેનોએ ખૂબ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.



સેકટર-૩-એ અંબાજી માતાના મંદિરે ગરબાની રમઝટ જામી હતી. માઈ ભકતોએ માતાજીની આરાધના કરી નવરાત્રીના પર્વને ભકિત અને ઉલ્લાસથી ભરી દીધો હતો.

## જરૂરિયાતમંદ વર્ગના બાળકોને જલેબી વિતરણની મીઠાશ



દશેરા એટલે રામનો રાવણ પર વિજય, સત્યનો અસત્ય પર વિજય, અચ્છાઈનો બુરાઈ પર વિજય... એટલે જ આ પર્વને વિજયા દશમીનું પર્વ તરીકે ઓળખવામાં આવે છે. ભગવાન રામે આજે રાવણનો વધ કરતા સર્વત્ર ખુશીની લ્હેર છવાઈ ગઈ હતી, એવું કહેવાય છે કે એ દિવસે લંકાવાસીઓએ પણ 'અસુર' વધને આનંદોત્સવ ઉજવી મીઠાઈ વહેંચી વધાવ્યો હતો. ગાંધીનગરના કેટલાક સેવાભાવી યુવાનો દર દશેરાએ શહેરની ઝુંપડપટ્ટીમાં રહેતા શ્રમજીવી પરિવારના બાળકોને ચોખ્ખા ઘીની જલેબી ખવડાવી દશેરા ઉજવે છે જે મુજબ આ વર્ષે તેમણે સેકટર-૬માં જલેબી વિતરણ કર્યું હતું. આ સદકાર્યમાં ગૂંજ ફાઉન્ડેશન તથા સ્વ અર્પણ સેવા સમિતિ ચેરિટેબલ ટ્રસ્ટના સ્વયંસેવકોને શિવગન ઈન્ફ્રાટેકનો સહયોગ પ્રાપ્ત થયો હતો. આ સેવાકાર્ય થકી યુવાનોએ જરૂરિયાતમંદ બાળકોનું મ્હો મીઠું કરાવી પોતે જીવનની મિઠાશ અનુભવી હતી.



ગાયત્રીનગર સેકટર-૨૭ ખાતે વંશપરંપરાગત ઢબે અર્વાચિન અને પ્રાચીન ગરબા સોસાયટીની દીકરીઓ અને મહિલાઓ દ્વારા કરવામાં આવે છે. નવરાત્રી ચોકમાં નિવૃત્ત શિક્ષક અને મંદિરના પ્રમુખ શ્રીજીવણ દાદાની પ્રેરણાથી આ પારંપારિક વેશભૂષામાં ગરબા યોજાય છે. ગયા વર્ષે આમણે શેરી સ્વચ્છતા સાથે ગરબા કર્યા જયારે આ વખતે પ્લાસ્ટીક ફ્રી થીમ સાથે ભારતીય વાદ્યો સાથે ગરબા કર્યા હતા. નવરાત્રી સમિતીના પ્રમુખ અને અન્ય સભ્યો મોર્ડન જમાનામાં પણ પોતાની સંસ્કૃતિને ઉજાગર કરતા ગરબા યોજે છે.




આઠમની રાત્રીએ સેકટર-૨૭ આનંદનગર ખાતે યુવક મંડળ દ્વારા ગરબા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૦ વર્ષથી લઈ ૫૦ વર્ષ સુધીની બહેનોએ ઉત્સાહથી ભાગ લીધો હતો. આજે 'બેડા સ્પર્ધા'માં નાની ઉંમરના દિકરાઓએ પણ ભાગ લીધો હતો જે અલગ અનુભવ હતો. કુલ ૫૦ મહિલા સ્પર્ધકોમાંથી વય જૂથ પ્રમાણે ઈનામો આપી પ્રોત્સાહીત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે વોર્ડ નં.૧ના કોર્પોરેટર હર્ષાબા ધાંધલ ઉપસ્થિત રહ્યા હતા. જયારે નગરના જાણીતા દિપક પરમાર અને હેતલ પ્રજાપતિએ નિર્ણાયકની સેવા આપી હતી.

**મુવી હાઉસ**

**પી.વી.આર, સિનેમેક્સ, સે-૧૧**

● વોર
૮.૦૦, ૯.૦૦, ૧૦.૦૦, ૧૧.૨૦, ૧૨.૨૦, ૧.૨૦, ૨.૪૦, ૩.૪૦, ૬.૦૦, ૭.૦૦, ૮.૦૦, ૯.૨૦, ૧૦.૨૦, ૧૧.૨૦

● છીછોરે
૪.૪૦

● ડ્રીમગર્લ
૪.૩૦

● સાવેરા નરસીમ્મા રેડ્ડી
૯.૩૦, ૧.૦૦, ૭.૨૦, ૧૦.૫૦

**ચિરવિદાય**

● સ્વ. રાઈબેન પ્રહલાદભાઈ પરમાર, ઉ.વ. ૪૯
● સ્વ. વાઘેલા શોભારબા સમરસિંહ, ઉ.વ. ૭૬
● સ્વ. પટેલ મંગળભાઈ હરજીવનદાસ, ઉ.વ. ૬૯

## કડવા પાટીદાર સમાજ વિદ્યાર્થીઓને સન્માનશે

ગાંધીનગર, તા.૮
કડવા પાટીદાર સમાજ, શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ગાંધીનગર દ્વારા સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓને દર વર્ષે વિદ્યા પુરસ્કાર આપી નવાજવામાં આવે છે. જેમાં એસએસસીમાં ૮૦ ટકા, એચએસસીમાં ૭૫ ટકા, ડિપ્લોમાં અને ગ્રેજયુએટમાં ૬૦ ટકા તથા પોસ્ટ ગ્રેજયુએટમાં ૫૫ ટકા ડૉકટર, રમતગમત, વિશિષ્ટ પ્રતિભાશાળી અને જીપીએસસી પાસ ઉમેદવારોએ માર્કશીટની ઝેરોક્ષની પાછળ સભ્ય નંબર તથા સરનામું અને મોબાઈલ નંબર લખી તા. ૧૨-૧૧-૨૦૧૯ સુધીમાં મોકલી આપવા જણાવાયું છે. ડિસેમ્બર ૨૦૧૯માં મોબાઈલ રીપેરિંગના તાલીમ વર્ગો શરુ થનાર હોઈ જોડાવા માંગતા વિદ્યાર્થીઓએ ઉમિયા કેરિયર એકેડેમીમાં રજીસ્ટ્રેશન કરાવવા પ્રમુખ ભરતભાઈ બી. પટેલ અને મહામંત્રી ભોળાભાઈ આઈ. પટેલે જણાવ્યું છે.

## જયોતિ મહિલા મંડળ દ્વારા બેઠા ગરબા સ્પર્ધા યોજાશે

ગાંધીનગર, તા.૮
જયોતિ મહિલા મંડળ ગાંધીનગર દ્વારા બેઠા ગરબા સ્પર્ધા તા. ૧૧ ઓકટોબરના રોજ બપોરે ૧.૩૦ કલાકે સે-૨૩ સ્થિત અરવિંદ કેન્દ્ર ખાતે યોજાશે. જેમાં બેઠા ગરબા સાથે ગરબા શણગાર સ્પર્ધા, ડાંડીયા શણગાર સ્પર્ધાનુંઆયોજન કરવામાં આવ્યું છે. સંસ્થાના પ્રમુખ ડૉ. ચેતનાબુચ દ્વારા નગરની તમામ બહેનોને આ કાર્યક્રમમાં ભાગ લેવા જણાવાયું છે.

# નવરાત્રીના સમાપન સાથે જ શ્રધ્ધાળુઓએ હેતે 'ગરબા' વળાવ્યાં...!!

ગાંધીનગર, તા.૮
ગાંધીનગરમાં મોટા ભાગના શેરી ગરબાઓમાં નવરાત્રીની નવમી રાત્રીએ ગરબાની રમઝટ બાદ ગરબો વળાવાયો હતો. જો કે કેટલાક શેરી ગરબામાં ગરબો વળાવવાની પ્રક્રિયા આજે સવારે પણ યોજાઈ હતી. શહેરની આસપાસ વિકસેલા ન્યુ ગાંધીનગર, વાવોલ વગેરેના સોસાયટી વિસ્તારની ગરબીઓમાં પણ નવમા નોરતાની રાત્રીએ ગરબો વળાવાયો હતો જેમાં સોસાયટીના શ્રધ્ધાળુ રહીશોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

નવરાત્રીના પ્રારંભે માતાજીના ગરબા સ્થાપન યોજાય છે જેમાં નજીકના કોઈ મહત્વના માતાજીના મંદિરેથી ગરબો નવરાત્રી ચોકમાં વાજતે



ગાજતે લાવવામાં આવે છે. જેમાં કાણાંવાળા માટલામાં અખંડ દીવો પ્રગટાવવામાં આવે છે જે સમગ્ર નવરાત્રી દરમિયાન પ્રજવલ્લિત રાખવામાં આવે છે અને છેલ્લા નોરતે શુભ મુહુર્ત જોઈને ફરી તેજ મંદિરે તેને વાજતે ગાજતે વળાવવાની પ્રથા છે. શહેરના શેરી ગરબાઓમાં આ પ્રથા નિયમિત પણે જાળવવામાં આવે છે અને નવમા નોરતાની રાત્રીએ શેરી ગરબાની મહિલાઓ, દિકરીઓ દ્વારા ગરબો માથે લઈને રમતાં રમતાં ગરબો વળાવવામાં આવ્યો હતો. 'સોનલ ગરબો શીરે અંબેમાં ચાલો ધીરે ધીરે', 'ગરબો પાટણ શહેરથી આવ્યો રે ઘુમતો ઘુમતો રે...' જેવા પરંપરાગત ગરબા ગાતા ગાતા શ્રધ્ધાળુઓએ નવમા નોરતાની રાત્રીએ દોઢ વાગ્યાનું મુર્હુત સારું હતું તે સમયે ગરબા વળાવ્યા હતા અને ત્યાં સુધી મન ભરીને ગરબે ઘુમ્યા હતા. જો કે શહેર તથા આસપાસના વિસ્તારની નવવિકસિત સોસાયટીઓમાં અનેક ગરબીઓ આજે સવારના મુહુર્તમાં વળાવાઈ હતી.

## દશેરાએ સોસાયટીઓમાં 'સમૂહ ભોજન'ની પ્રથા



મોટાભાગના શેરી ગરબાઓમાં નવરાત્રીના સમાપન બાદ દશેરાના દિવસે સમુહભોજનની પ્રથા જોવા મળે છે જે નવરાત્રીના રંગેચંગે સમાપન સાથે તે દરમિયાન થયેલા નાના-મોટા મન-મોટાવને ભુલાવી સહર્ષ ઉજવણી કરવાના ભાગરૂપે યોજવામાં આવે છે. શહેરના વાવોલ, પેથાપુર, રાંધેજા ઉપરાંત કુડાસણ, સરગાસણ, રાયસણ, રાંદેસણ જેવા વિસ્તારોમાં વિકસેલી સોસાયટીઓમાં આ પ્રથા ખાસ જોવા મળે છે.